પાલવાની પદમણી

યાને

મુંબઈનો શેઠાણી.

રચી છપાવી પ્રસિધ્ધ કર્તા.

લેખક—માસ્તર ગોરધનલાલ એચ૦ શાહ.
અમદાવાદી.
મુળવાસી અમદાવાદ ઢાલની પોળ બહુચરાજી
માતાની ખડકીમાં.
હાલ મુકામ-ભાગાતળાવ રોડ—સુરત.

સંવત ૧૯૭૬ પ્રત ૨૦૦૦ આવૃત્તિ ૧ સને ૧૯૨૦

સુરત ચઉટાના પુલપર ટાંકી પાસે આવેલા "શંકર"
પ્રી. પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપ્યું.

કિંમત બે આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૫૩૫

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૮૫૩૭ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय ૯ : ૪

મુંબઇની શેઠાણી

ભાગ ૧.

(રાગ—ગઝલ)

શેઠાણી—અરે સ્વામી તમે મારા, ઘડાવો બંગડી પ્યારા,
વળી હીરા તણી ચુની, કહો તમ લાવશો ક્યારે. ૧
શેઠ—અરે પ્યારી હવે મારી, સુણાવું વાત હું સારી,
નથી પૈસા કને મારી, કહે તો શું કરૂં પ્યારી. ૨
શેઠાણી—ભગત કે દિનને આપો, છતાં અહિં આમ શું ભાખો,
ગમે તે આજથી કરીને, મને તો સર્વ આણી દોને. ૩
શેઠ—ભગત કે દિતને હું તો, જમાડું અન ને પાણી,
વળી છે પાસ નહિ મારી, રૂપૈયા નોટ કંઇ ભારી. ૪
શેઠાણી—રૂપૈયા ત્રીસ લાવો છો, વળી બીજા કમાઓ છો,
છતાં માથું હલાવો છો. કહો શું રીત એ સારી. ૫
શેઠ—ખરચ મુંબઈ તણાં ભારી વળી જો થઇએ આજારી,
કહે તો શું કરૂં પ્યારી, નથી કંઇ પાસ દ્રવ્ય મારી. ૬
શેઠાણી—નહી લાવો તમે વ્હાલા, જરૂર હું જઇશ પીયર મારા,
પછીથી ચાયજો કરજો, વળી તેથીજ મારે શું. ૭

શેઠ—અરે રંડા કહું તુંજને, બતાવે બીક શું મુજને.
ભલે જાને પીયર તારા, થશે કંઇ હાલ મમ સારા, ૮
શેઠાણી—પીયર શું કાજ હું જાઉં, જડપથી ઝેર હું ખાઉં,
પછી વૈકુંઠમાં જાઉં, તહાં જઈ નામ હું કાઢું. ૯
શેઠ—હવે હાર્યો અરે વ્હાલી, કહું છું શીર હું ઢાળી,
વખત આવે સૌ થાશે, ધીરજ ધરને અરે પ્યારી. ૧૦
શેઠાણી—બને તો હાર તમ લેજો, ઝવેરીને જઇ કહેજો,
વીલાયતી જોડ જે સારી, બતાવો મુજને કાઢી. ૧૧
શેઠ—હશે જો દ્રવ્ય મમ પાસે, બધું લાવીશ હું સાથે,
જઇને શેઠને ત્યાં હું, રૂપૈયા જલદી લાવું છું. ૧૨
શેઠાણી—ઉઠો વ્હાલા હવે મારા, પધારો પ્રેમથી પ્યારા,
જમાડું હોંશથી વ્હાલા, કહે કર જોડીને દારા. ૧૩
શેઠ—હવે તો શેઠ પાસે જઈ, રૂપૈયા લાવું છું હું અહિં,
પછી સાથેજ તુજને લઈ, ફરીશું દીલ ચાહે તહીં. ૧૪
લેખક—કહે ગોરધન અરે શાણા, દીઠા આ સ્ત્રી તણા ચાળા,
નમીને આપનો સેવક, તમોને આજ વંદે છે. ૧૫

મુંબઈ શેઠાણી

ભાગ ૨.

શેઠાણી—વદો છો શું અરે સાચું, કહો પ્યારા હવે મારા;
ખુલાસો હોંશથી માગે, નમીને આપની દારા. ૧
શેઠ—નિસાસો શું અરે નાખે, દીલાસો શું અરે આપે;
હશે જો ઈશની મરજી, બધાં તે કષ્ટ છે કાપે. ૨
શેઠાણી—ન જાણું ઈશ કે માતા ન જાણું દેવ કે દેવી;
હશે જો હોંશ મનમાં તો, કરે શું ઈશ કે દેવી. ૩
શેઠ—સમય બહુ રાત્રીનો વિત્યો, નકામું શીર શું ફોડે;
થશે કામો સૌ સારાં, વૃથા તું શીદને બોલે. ૪
શેઠાણી—કરો ના ક્રોધ રજ સ્વામી, ઘટે નહિ આપને આવું;
હસાવી હેતથી દારા, ખુશીથી સાથમાં રેવું. ૫
શેઠ—ટકોરા બારના વાગ્યા, ખરેખર ભોગ છે લાગ્યા;
છતાં પણ નિંદ ના આવે, હવે તો ભોગ છે લાગ્યા. ૬
સમય બહુ રાત્રિનો વીત્યો, હવે તે મોજથી સુતાં;
મળસકુ જ્યાં થતાંમાં તો વળી બન્ને જણાં ઉઠયાં. ૭
શેઠાણી—ઝડપથી ચાહ પી લ્યોને, પછીથી ત્યાં તમે જાઓ;
રૂપૈયા રોકડા લઇને, ખુશીથી ઘેર તમ આવો. ૮
શેઠ—કરે શું વાદ ખોટો તું, ખરેખર હું બધું સમજું;
જઇને શેઠને ત્યાં હું, રૂપૈયા જલદી લાવું છું. ૯
શેઠાણી—ખરૂં પ્યારા તમે ભાખો, જરાએ મર્મ ન રાખો;
વળી ગાડી તમે લાવો, હવે તો છે બધો દાવો. ૧૦

શેઠ—નહિ ગાડી મને જોઇએ, મને મોટર છે વ્હાલી;
ખુશીથી સાથમાં લઇને, જવું છે પાલવે પ્યારી. ૧૧
શેઠાણી—ખરેખર સત્ય ભાખોછો, ખરી પ્રીતીજ રાખોછો;
સુતાં કે બેસતાં વ્હાલા, વળી સ્વપ્નમાં આવોછો. ૧૨
શેઠ—રૂપૈયા રોકડા લેવા, જાઉંછું શેઠની પાસે;
હજુ જો હોય કંઈ ઇચ્છા, હવે તો સ્પષ્ટ તું કહેને. ૧૩
શેઠાણી—સવડ જો હોય સારો તો, કહેવા એક છે ઇચ્છા,
નથી છત્રી અને મોજાં, કહેવા એજ છે ઇચ્છા. ૧૪
શેઠ—ખરેખર છત્રી લાવીશું, વળી મોજાં અપાવીશું;
વળી ચસ્મા અને એરીંગ, બધું સાથેજ લાવીશું. ૧૫
શેઠાણી—હવેતો પૂજ્ય માનીને, તમોને હેતથી પુજું;
વળી પરમાત્મા ધારીને, તમોને હોંશથી પુજું. ૧૬
શેઠ—નહિ પરમાત્મા હું પૂજ્ય, નહિ ઇશ્વર નહિ દેવા;
જોઈ મે સ્વાર્થની બાજી, નહિ લેવા અરે દેવા. ૧૭
લેખક—કહે આ દીન કરજોડી, લખેલું ધ્યાનમાં લાવો;
સુધારો દેશમાં કરવા, ધતીંગ જડમૂળથી કાઢો. ૧૮

દીવ્ય રંભા

ભાગ ૧ લો.

(ગઝલ)

અરે મુંબાઈ તણી નારી, સજી તેં ફેનસી સાડી;
યારોના કરને ઝાલી, જતી તું પાલવે પ્યારી. ૧

ન રાખે દેશની પરવા, કરે શું નીચ તું કામો;
પતીથી લઈ હવે નાણું, કહે છે રંગ શું જામ્યો. ૨

ધણીની ધાક ના રાખે, ફરે તું પુર ભપકામાં;
કરેછે યારથી યારી, નચાવી નેત્ર યારોમાં. ૩

પતીને દાબમાં રાખી, ફરે તું પૂર જોબનમાં;
રહે તું રોફમાં ભારી, રહીને યાર સોબતમાં. ૪

બન્યા સ્વામી તમે મારા, થયા દીલદાર છો પ્યારા;
મને સાડી તમે વ્હાલા, અપાવોને કહું પ્યારા. ૫

કહે જો ના જરા સ્વામી, તરત રંડા રીસાએ છે;
પડાવી પાય સ્વામીને, પછી રંડા મનાએછે. ૬

સજે છે ડ્રેસ બહુ સારો, વળી તે મોહ કરનારો;
ચડાવી બુટ તે મારો, બન્યો છે રોફ શું મારો. ૭

બતાવા રોફ યારોને, ઠમકતી ચાલ તે ચાલી;
જોઇને સૌ પુછે કહેતા, જુઓ આ ફાંકડી ચાલી. ૮
અલૌકીક નેણનાં બાણો, ભુલાવે પ્યારનાં ભાનો;
ઝડપથી ચાલ ચાલીને, કરેછે ગુપ્ત તે સાનો. ૯
વખત વીચારીને રંડા. કરે દર્શનનું બાનું,
ઠમકતી ચાલ ચાલીને, ભુલેશ્વરમાં ભરે પગલું. ૧૦
નીહાળી યારને નજરે, ધીમેથી ચાલ ચાલે છે;
લુંટાવા બ્હાર યોવનની, ઘણી મનમાં ફુલાએ છે. ૧૧
જરા આગળ જઇને તે, ઉભી રહે છે ઘુંઘટ તાણી;
બતાવે ડોલે બીજાને, ઉભી શું આવવું જાણી. ૧૨
યારોથી તે લઇ નાણાં, લુંટાવે માલ યોવનનો;
ભરે પાછાં હવે પગલાં, ગ્રહીને માર્ગ તો ઘરનો. ૧૩
વીતેલી રાત જોઇને, પતી તેને હવે પુછે;
હમેશાં આટલી મોડી, કહે તું ક્યાંથી આવેછે. ૧૪
રાખીને મોંહ ઠેકાણે, ધીમે સ્વરેજ બોલે છે;
થયાં દર્શન બહુ મોડાં, જુઠું રંડા અડાવે છે. ૧૫
બનાવી જુઠની બાજી, પછી રંડા હરખાએ છે;
રસોઇ કરતી વામાં. ઘણું મનમાં ફુલાએ છે. ૧૬
અધુરી વાત મારી જોઇ, નહી કો કાંપરી બાઇ;
છપાએ અંક બીજામાં, ધીરજ ધરજો તમે ભાઇ. ૧૭

દીવ્ય રંભા.

ભાગ ૨ જો.

(ગઝલ)

અધુરી વાત જે મારી લખું છું હું હવે અહીંથી;
લખેલું ધ્યાનમાં લાવી, કરો વીચાર એ ભાઈ.
કહેછે પ્રીયુ ચાલોને, રસોઈ હોંશથી જમીએ;
તમે જલદી પધારોને, જમીએ આપણે જોડે.
ખરો અક્કલ તણો હીરો, દીસેછે હા પતી તેનો;
જોઇએ નવ નવી મોજો, કહોને દોષ છે કોનો.
આવી રીતે કહું બહાલા, પતીને છેતરે પ્યારી;
બતાવો દોશ હે પ્યારા, કરી વીચાર તો મનથી.
લખાણુ આવુંજ લખવાને, કહે છે હાથ ના મારો;
છતાં પણ લખવું મુંજને, પડેછે હું કહું યારો;
સમય સારો સીધાવીને, કરેછે નવનવી સખીઓ.
લઇને સાથ સખીઓને, ઉડાવે તે ઘણી મોજો;
જોઇને કાર્ય બહુનીચાં સખીઓ નાજ પાડે છે.
કરી કંઈ નવનવી વાતો, બીચારીને ફસાવે છે;
કરી કંઈ ઢોંગ કે ધતુરા, સખીને છેક છેતરતી;
કહ્યું જો ના કરે સખી તો, ઘણી તે ધમકી દેતી.
ફસાવી આજ સખીઓને, ઉડાવે પ્યારથી મોજો;
એસાથી વીક્ટોરીઆમાં તે, કહાં લઈ જાય છે જુઓ.
હવે તો બહુ થયું લખવું, હવે ના મુજની ચાલી;

હજી પણ છે ઘણું લખવું, કલમ ના રજ તો ચાલે.
કહે છે દાસ સર્વને, ગણી માતા અને બેની;
વીષયને દુર કાઢોને, હવે તો એજ છે કહેણી,
સતીઓના તમે જુઓ, ખરે છે એજ પસ્તાવો;
પ્રથમતો શું નતીવામાં, તમે મુજનેજ બતલાવો.
કરગરે દીન આ તમોને વીનંતી ઉરમાં લાવો;
ત્રીલોકે સુખ મેળવવા, વ્યભિચાર દીલથી કાઢો.
હજી બહુ વાત છે બાકી, કહુ છું ભાઇઓ મારા
છપાઈ ભાગ ત્રીજામાં, પ્રગટ થાશે કહું પ્યારા

દીવ્ય રંભા.

ભાગ ૩ જો.

(ગઝલ)

મુંબઇ નગરી કહું પ્યારા, શોભે ગુજરાતમાં સારી
લખેલી વાત કહું પ્યારા, બધી મુંબઈ તણી મારી
હવે પ્યારા કહું તમને, જુઓ તમ ધ્યાન રાખીને
બીજા મેં ભાગમાં પ્યારા, લખ્યું છે તે કહું તમને
વીકટોરીઆમાં લઇ સખીને, કહાં તે જાય છે તે છે
હવે કલમ કહું મારી, જુઓ આગળ ચાલે છે
ઘણી સખીઓ લઇ રંભા, જુઓ મોજો ઉડાવે છે
ત્રીજા શું ભાગમાં બન્યું તે, વાંચો સૌ ધ્યાન રાખીને;
દામય સત્રી તણો જોઇને, હવે તે પાલવે જાતી.

અબળુ સખીઓ ઘણી ઠગીને, ઘણી તે મનમાં મલકાતી;
હવે તે પાલવા બંદર, સૌથી શ્રેષ્ઠ છે પ્યારા.
ચલાવે ઢોંગ શું રંભા, લખું છું હું હવે પ્યારા;
સમય થોડા તણી અંદર, જહાં બંદર તે આવ્યું.
ઉતરવા જલદી સખીઓને, રંભાએ ઝટ સમજાવ્યું;
સખીઓ શું બધું સમજે કે રંભાના ચરિત્રો છે.
નહિ તમ રજ ગભરાશો, અમે જલદીથી ઉતરીએ;
સુણી સખીઓ તણાં વચનો, રંભા બહુ ખુશ તો થાતી;
હજી સમજી નથી સખીઓ, જોઇ રંભા થતી રાજી.
સમય સંધ્યા તણો થયોતો, સખી બે સાથમાં હોતી.
બંદર જ્યાં આવી તો પહોંચ્યું, ત્રણે કહું સાથમાં ઉતરી;
કહે રંભાજ સખીઓને, અહિં હવા નથી સારી.
ધીમે પગલે તમે બંને, પુંઠે કહું આવજો મારી,
હતી સખીઓ કહું બે પણ, જરા મનમાં નહિ સમજી.
રંભાની પુંઠે કહું શાણુા, બંને કહું ચાલવા લાગી;
સૌથી હું કહું પ્યારા, રંભા જલદીથી ચાલે છે.
ધીમાં પગલાં ભરી પ્યારા, પુઠે સખીઓજ ચાલે છે;
ચાલી આવી રીતે પ્યારા, રંભા નીકળી પડી આઘી.
વીતેલી રાત જોતામાં, સખીઓને બ્હીક ત્યાં લાગી;
પ્રથમ માફક કહું પ્યારા, રંભા તો જલદી ચાલે છે.
વિચારો કંઈ નવા કરતી, સખીઓ પુઠે ચાલે છે.
આવી રીતે કહું પ્યારા, ત્રણે કલાક બે ચાલ્યાં;
છેવટે હું કહું વ્હાલા, ત્રણે મેદાનમાં આવ્યા.

કહે લેખક તે તમને, ધીરજ ધરજો જરા ભાઈ;
અધુરી વાત બોધને, નહિ કો કોપશો ભાઈ,
હવે તો બહુ નથી લખવું. છપાશે ભાગ ચોથામાં.
વખત થોડા મંહી પ્યારા, ધરીશ હું આપના ચરણમાં;

દીવ્ય રંભા

ભાગ ૪

(ગઝલ)

આવી રીતે કહું પ્યારા, ત્રણે કલાક એ ચાલ્યા.
ત્રીજા કહું ભાગમાં પ્યારા, ત્રણે મેદાનમાં આવ્યા.
અહિંથી હું કહું પ્યારા, હતું મમ લખવું બાકી;
ચોથા શું ભાગમાં બન્યું તે, વાંચો તમ ધ્યાન તો રાખી.
હવે મેદાનમાં તમને, જણાવું શું થયું તે તો;
ફક્કડ ને ફાંકડો બનીને, યુવાન ત્યાં એક બેઠો તો.
રંભા તો ત્યાં લગી આવી, તેની પાસે જઈ ઉભી,
કરેલી જે સખી મારી, પસન હું તેમને લાવી.
સુણી રંભા તણાં વચનો, યુવાન જલદી થયો ઉભો;
પ્રસન પ્રીયા કહાં છે તે, તમે જલદીજ બતલાવો.
સુણી યુવાન તણાં વચનો, રંભા મનમાં થઇ રાજી;
કરી નખરાં ઘણાં ન્યારાં, ધુણાવી ડોક કહ્યું હાજી.
યુવાન તો કયારનો પ્યારા, ઉભો થઇને બધે જુએ;

કરે નજર ચોપાસે.... છતાં સખીઓ નહિ જુએ,
યુવાને કહ્યું મનમાં સમજ્યો, મને રંભા ઉડાવે છે,
કરી મશ્કરી તે મારી મને ઉલ્લુ બનાવે છે.
કરી વીચાર તે મનમાં હવે રંભા થકી બોલ્યો,
બતાવો મુજને હમણાં, કરેલી એ પસંદ સખીઓ.
સુણી યુવાન તણાં વચનો. રંભા ત્યાં મર્મમાં બોલી,
કરગરી હું કહું વ્હાલા. કરો ના મશ્કરી મારી.
સુણી રંભા તણાં વચનો યુવાન મનમાંજ અકળાયો,
કરી મીજાજથી બોલ્યો, હમોને જલદી બતલાવો.
મીજાજે બહુ ચ્હડી રભા હવે તે મમમાં બોલી,
ઉભી પુંઠે જુઓ સખીઓ, જરા તસ્દી લીઓ થોડી.
યુવાન મનમાંજ અકળાઇ, હવે રંભા પ્રતી બોલ્યો,
નજર મેં તો ઘણી નાંખી, છતાં દેખી નહિ સખીઓ.
સુણી યુવાન તણાં વચનો, રંભા મનમાંજ ગભરાઈ,
કરી નજર ચોપાસે.... છતાં સખીઓ નહિ ભાળી,
હવે તો હું કહું પ્યારા, બની આગળ શું બીના,
પાંચમા કહું ભાગમાં તમને, પ્રગટ હું તો કરીશ પ્યારા.

વિષયમાં મસ્ત રહેનારી વામા.

ફેશન અપ-ટુ-ડેટ બનાવી, ઠમઠમ કરતી ચાલે છે,
નાજુક પગમાં ઝીણી ઘુઘરી, છમ છમ કરતી વાગે છે.
ઝીણા વસ્ત્રે અંગ સજીને, ફેશનમાં બહુ મહાલે છે,
શાહ્ જોઈ વિચારજ કરતાં, વેશ્યા સરખી લાગે છે.
ચાલ આંગળની ચોરી વીનાના, ભાગ સહુ દેખાએ છે,
બુટ ચડાવી ફુલ ફેશનમાં, ચપળા જુઓ જાએ છે.
અએ ગાડી વાળા આજે, ગાડી તું મોડી લાવ્યો,
ટાઇમ તણું ઉલંઘન કરીને, ગાડી કેમ મોડી લાવ્યો.
ગાડીવાળો કહે નમીને, આજ મને મોડુંજ થયું,
વિચાર હતો વેલાના તોપણુ, વચમાં કૌતક એક થયું.
ઠીક હવેથી તુંજને કહું છું, ટાઇમ નહિ મોડો કરતો,
ચોપાટીની ઉપર આજે, ગાડી તું જલદી લેતો.
ગાડીવાળો કહે નમીને, ભુલ થઈ આજે મારી,
ગાડી મારી જુઓ આજે, જાએ છે કેવી વેલી.
જલદી લંને કહી ચપળા, ગાડીમાં આવી બેઠી,
ઉભો હતો હું ઘણો દુર, પણ નજર ગઇ મારી પેસી.
ચોપાટી આવતામાં ચપળા, ગાડીમાંથી હેઠી ગઇ,
અમુક વખતે લખીશ સાહેબો, પાછળ શી હકીકત થઇ.

ફેશનની ફીશીયારી.

(રાગ ગઝલ કવ્વાલી.)

અરે સજ્જન શાણાઓ, અરજ કંઇ ઉર ધારોને,
વધ્યો છે શોખ દુનીઆમાં, હવે તેને સુધારોને.
પહેરી ફેન્સી ચોળી..., જતી ઓરત ભુલેશ્વર,
પુછી તે કયાં કહો જાતી, અરે તે જાણતો ઇશ્વર.
અહાં શું તેહની સાડી, અતિ બારીક મેં ભાળી,
શોભામાં શું વધારો છે, કર મહી બંગડી કાળી.
સુકોમળ અંગમાં એના, સુવાસીક અત્તરો મહેકે,
ખરેખર દેખતાં સજ્જન, સહુ તો નાયકા કહે છે.
વીસાર્યા દાંત હાથીના, ચડાવ્યા કાચ કંઈ ચીન્તે,
જુના ધારા વીસારીને, નવા ધારા ગ્રહ્યા પ્રીતે.
અરે તે બંગડી માટે..., બીજાને હસ્ત આપે છે,
વિસારી છેક લજ્જાને, બધી મર્યાદ લોપે છે.
હવે કહો શું રહ્યું બાકી, વસાવ્યા ડ્રેસ લેડીના,
ધરી છે હાથમાં છત્રી, પહેર્યા બુટ એડીના,
સુગંધી તેલ ચોળીને, છટાથી કેશ ઓળીને.
ચઢાવ્યા આંખ પર ચસ્મા, સુશોભિત વસ્ત્ર પહેરીને,
અરે મમ પ્યારા બંધુઓ, સુધારાને વધારીને.
અતિશય છુટ આપીને, - ચડાવી છેક લાડીને,
જુઓ અસલ તણી રીતી, વીચારો ધર્મ ને નીતી.
કરો કંઇ કામ ભક્તીનાં. હૃદયમાં રાખીને પ્રીતી.
કહે ગોરધન સુણો પ્યારા, હૃદયને લાગશે ખારા,
હઠવવા આ કુધારાને, વચન આ માનજો મારા.

